**<u>–: રેગ્યુલર દિવાની મુકદમા નંબર:–૦૨/૨૦૨૩ ના કામે આંક–૧ લગત હુકમ :–</u>**

**(૧).** આ કામે વાદીપક્ષ દ્વારા હાલનો દાવો તા.૦૭/૦૬/૨૦૨૩ ના રોજ દાખલ કરવામાં આવેલ હતો. ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓને હાલના દાવાના કામે હાજર રહેવા માટે ના.અદાલત દ્વારા મુ.તા.૧૦/૦૭/૨૦૨૩ ના રોજ હાજર રહેવાનો દાવા સમન્સ નિકાળવાનો હુકમ કરેલ હતો. જે દાવા સમન્સ પ્રતિવાદીઓને ધારાસર બજીને પરત આવેલ હતો અને પ્રતિવાદીપક્ષે આંક–૦૬ થી વિ.વ.શ્રી એસ.બી.પરમાર હાજર રહેલ હતા. ત્યારબાદ આ કામના પ્રતિવાદી નંબર–૧ તથા ૨ તરફે આંક–૦૮ થી વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમ મેળવવાની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ હતો. ત્યારબાદ ના.અદાલત દ્વારા બંને પક્ષોને સાંભળીને વાદીની આંક–૦૫ ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીનો હુકમ તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ કરેલ હતો અને વાદીની આંક –૦૫ ની અરજી ના–મંજુર કરેલ હતી. ત્યારબાદ મુ.તા. ૨૨/૦૭/૨૦૨૫ ના રોજ આંક–૧૨ થી આ કામે મુદ્દા ઘડવામાં આવેલ હતા. ત્યારબાદ થી સદરહું કામ વાદીના પુરાવા પર મુલતવી રહેલ હતું.

(૨). ત્યારબાદ રેકર્ડ જોતાં આ કામે વાદીપક્ષ પુરાવો રજુ કરવા માટે હાજર ન રહેતાં ના.અદાલત દ્વારા મુ.તા.૧૨/૦૯/૨૦૨૫ રોજ હાજર રહેવાની નોટીશ નિકાળેલ હતી. જે આ કામના વાદીપક્ષને બજીને પરત આવેલ હતી. જે આ કામે આંક–૧૩ થી આંક–૧૫ સુધીથી કામમાં સામેલ રાખેલ છે. ત્યારબાદ વાદીપક્ષે પુરાવો રજુ કરવા માટે મુદત અરજી રજુ કરેલ હતી. જે લગત ના.અદાલત દ્વારા હુકમ કરવામાં આવેલ હતો અને હુકમ મુજબ આ કામના વાદી પક્ષને મુ.તા. ૦૬/૧૦/૨૦૨૫ ના રોજ પોતાનો પુરાવો રજુ કરવાનું જણાવેલ હતું અને જો પુરાવો રજુ નહી કરવામાં આવે તો, વાદીનો દાવો રદ્દ કરવાનો હુકમ કરવામાં આવશે. ત્યારબાદ વાદીપક્ષે મું.તા. ૦૬/૧૦/૨૦૨૫ ના રોજ આંક–૧૭ થી વાદીનું પુરવાનું સોગંદ નામું રજુ કરેલ હતું તથા આંક–૧૯ થી દસ્તાવેજી આધાર લીસ્ટ રજુ કરેલ હતું અને આંક–૨૦ થી આંક પાડવાની અરજી રજુ કરેલ હતી. ના.અદાલત દ્વારા આંક–૨૦ લગત હુકમ કરીને વાદીપક્ષે રજુ કરેલ નિ.૧૯/૦૧ થી નિ.૧૯/૪ વાળા દસ્તાવેજને આંક આપવાનો હુકમ કરેલ હતો. આમ, સદરહું કામ વાદીની ઉલટ–તપાસ પર મુલતવી રહેલ હતું. ત્યારબાદ પ્રતિવાદીપક્ષ ના.અદાલતમાં હાજર ન રહેતાં ના.અદાલત દ્વારા વાદીના આંક–૧૭ વાળા પુરાવાના સોગંદનામાની ઉલટ–તપાસ કરવાનો પ્રતિવાદીનો હકક આંક –૦૧ લગત હુકમ કરીને બંધ કરેલ હતો. ના.અદાલત દ્વારા પ્રતિવાદીઓને મુ.તા. ૧૭ /૧૧/૨૦૨૫ ના રોજ હાજર રહેવાની નોટીશ નિકાળેલ હતી. જે નોટીશ આ કામના પ્ર તિવાદીઓને બજી ગયેલ હતી. જે આ કામે આંક–૨૫ અને આંક–૨૬ થી કામમાં સામેલ

રાખેલ છે. ત્યારબાદ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્રારા વકીલ તરીકે છુટા થવાની પુરશીશ રજુ થયેલ હતી. જે આ કામે આંક–૨૭ થી કામમાં સામેલ રાખેલ છે. ત્યારબાદ વાદીપક્ષે આંક –૨૮ થી પુરાવાનું સોગંદનામું રજુ થયેલ હતું. પ્રતિવાદીપક્ષે વિ.વ.શ્રી એમ.એસ.શેખનું વકીલાતપત્ર રજુ થયેલ હતું. આમ, સદરહું કામ આંક–૨૮ વાળા વાદીની ઉલટ–તપાસ માટે મુલતવી રહેલ હતું. ત્યારબાદ આ કામે રેકર્ડ જોતાં આ કામના વાદી કે વિ.વ.શ્રી મુ.તા. ૨૯/૧૨/૨૦૨૫ ના રોજ હાજર રહેલ ન હતા. જેથી ના.અદાલત દ્રારા વાદીપક્ષને મુ.તા. ૧૯/૦૧/૨૦૨૬ ના રોજની નોટીશ નિકાળેલ હતી. રેકર્ડ જોતાં મુ.તા. ૧૯/૦૧/૨૦૨૬ ના રોજ પક્ષકારો હાજર રહેલ ન હતા. ના.પ્રિસાઈડીંગ ઓફીસર રજા પર હોઈ નયાયના હીતમાં મુ.તા. ૦૬/૦૨/૨૦૨૬ રાખવામાં આવેલ હતી. ત્યારબાદ મુ.તા. ૦૬/૦૨/૨૦૨૬ ના રોજ વાદી નંબર–૧ હાજર રહેલ હતા અને વાદી નંબર–૨ ગેરહાજર હતા. વાદીના વિ.વ.શ્રી હાજર રહેલ ન હતા. પ્રતિવાદી અને વિ.વ.શ્રી હાજર રહેલ હતા. ના.અદાલત દ્રારા વાદીના વિ.વ.શ્રી હાજર ન હોઈ ન્યાયના હીતમાં મુદત આપવામાં આવેલ હતી. ત્યારબાદ રેકર્ડ જોતાં વાદીપક્ષે મુ.તા. ૨૩/૦૨/૨૦૨૬ ના રોજ વાદીના સાહેદ–વિક્રમભાઈ પર્વતભાઈ તથા સાહેદ–પ્રભાતભાઈ રાયસીંગભાઈનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ હતું. જે આ કામે આંક–૩૨ અને આંક–૩૩ થી કામમાં સામેલ રાખેલ છે. આમ, સદરહું કામ વાદીના આંક–૨૮,૩૨ અને આંક–૩૩ વાળા સાહેદની ઉલટ–તપાસ માટે નિકાળ બાકી છે. મુ.તા. ૦૯/૦૩/૨૦૨૬ ના રોજ વાદી કે વાદીના વિ.વ.શ્રી કે ઉપરોકત સાહેદો હાજર રહેલ ન હતા કે રીપોર્ટ કે રજુઆત પણ કરવામાં આવેલ ન હતી. ના.અદાલત દ્રારા વાદીને મુ.તા. ૦૬/૦૪/૨૦૨૬ ના રોજ હાજર રહેવાની નોટીશ નિકાળવાનો હુકમ કરેલ હતો. ત્યારબાદ મુ.તા. ૦૬/૦૪/૨૦૨૬ ના રોજ વાદીને નોટીશ બજીને પરત આવેલ હતી. જે આ કામે આંક–૩૪ અને આંક–૩૫ થી કામમાં સામેલ રાખેલ છે. ઉપરોકત વાદીનો પોકાર કરતાં વાદી કે વાદીના વિ.વ.શ્રી કે સાહેદો હાજર રહેલ ન હતા કે રીપોર્ટ કે રજુઆત પણ કરવામાં આવેલ ન હતી. રીશેષ સમય બાદ પણ વાદી કે વાદીના વિ.વ.શ્રી હાજર રહેલ ન હતા. ના.અદાલત દ્રારા ન્યાયના હીતમાં આજરોજ મુ.તા. ૨૦/૦૪/૨૦૨૬ રાખેલ હતી. આજરોજ વાદી અને વાદીના વિ.વ.શ્રી તથા સાહેદોનો પોકાર કરતાં કોઈ હાજર રહેલ નથી કે રીપોર્ટ કે રજુઆત પણ કરવામાં આવેલ નથી. ારિશેષ સમય બાદ પણ વાદી કે વાદીના વિ.વ.શ્રી હાજર રહેલ ન હતા.

(૩). આ કામના વાદીપક્ષ હાજર રહીને પોતાનો કેસ આગળ ચલાવેલ નથી. આમ, વાદી તથા વિ.વ.શ્રી ને હાલના કેસમાં હાજર રહીને દાવો આગળ ચાલે તેવો કોઈ રસ જણાઈ આવતો નથી તેવું રેકર્ડ જોતાં ફલીત થાય છે અને તે ઈચ્છનીય નથી, તેવા સંજોગોમાં કેસ વાદીના પુરાવા પર એમ ને એમ પડી રહેલ હોય, હાલનો આ દાવો વાદીને ચલાવવા રસ ન હોઈ

વાદીપક્ષ દ્વારા પુરાવો રજુ કરવા હાજર નહી રહેવાના કસુરના કારણે રદદ કરવા પાત્ર હોય, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજથનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ ::–**

હાલનો દાવો સી.પી.સી. ઓ.૯ રૂલ ૮ મુજબ વાદીપક્ષ હાજર નહી રેહવાના કરવાને કારણે આ દાવો કાઢી નાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૦/૦૪/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL THAKKAR
at THASRA
on 20/04/2026 17:46:26 IST.

**તારીખ– ૨૦/૦૪/૨૦૨૬.**
**મુકામ– ઠાસરા.**

**(વિપુલ અમૃતલાલ ઠકકર)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ**
**ઠાસરા.**
**GJ01455**